ઈરાન વિરુદ્ધ અમેરિકા,ઇઝરાયલ યુદ્ધને લીધે બંધ પડેલી

# એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત-દુબઇ ફ્લાઇટ ફરી શરૂ થશે

**1-2 મેના** રોજ સ્વાર્થી વાયા દિલ્હી દુબઇ અને ૩ મેથી સુરતથી દુબઇ ડાયરેક્ટ ફ્લાઇટ શરૂ થશે

**જો કે,** વધેલા ભાડાથી મુસાફરોમાં અસંતોષ

સુરતઃ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન સામે ચાલતા યુદ્ધના પ્રભાવને કારણે આંતરરાષ્ટ્રીય ઉડાનોમાં આવેલા વિક્ષેપ બાદ હવે સુરતના હવાઈ મુસાફરો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા બંધ રાખવામાં આવેલી સુરત-દુબઇ ફ્લાઇટ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એરલાઈને શરૂ કરેલા બુકિંગ મુજબ ૧ અને ૨ મેના રોજ સુરતથી દુબઇ જવા માટેની ફ્લાઇટ દિલ્હી વાયા ચલાવવામાં આવશે. એટલે કે, મુસાફરોને પહેલા દિલ્હી જવું પડશે અને ત્યાંથી તેઓ દુબઇ માટેની ફ્લાઇટ પકડી શકશે. આ વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરવામાં આવી છે જેથી મુસાફરોને ફ્રી સેવા ઉપલબ્ધ બની શકે.

જોકે, ૩ મે 2026થી એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરતથી દુબઇ માટે સીધી (ડાયરેક્ટ) ફ્લાઇટ શરૂ કરવામાં આવશે. આ નિર્ણયને કારણે ખાસ કરીને સુરત અને દક્ષિણ ગુજરાતના એનઆરઆઈ, વેપારીઓ અને કામદારોને મોટો ફાયદો થવાનો છે.

સુરતથી દુબઇ રૂટ પર અત્યારે એર ઇન્ડિયા એક્સપ્રેસ અને ઇન્ડિગો ઇન્ટરલેશનલ ફ્લાઇટ ઓપરેટ કરે છે. આ રૂટ પર નાણાકીય વર્ષ 2023/24 દરમિયાન 17,989 પેસેન્જર, 2024/25 માં 96,674 પેસેન્જર અને 2025/26 માં 79,411 પેસેન્જર મળ્યાં હતા.

અહીં નોંધનીય છે કે, એર ઇન્ડિયા એક્સપ્રેસે 28 માર્ચથી સુરત-શારજાહ ફ્લાઇટ અચાનક બંધ કરી દીધી હતી. જેના કારણે મુસાફરોને વિકલ્પ તરીકે દુબઇ ફ્લાઇટ તરફ વળવું પડ્યું હતું. આ પરિસ્થિતિનો સીધો અસર ભાડા પર પડ્યો છે.

મુસાફરોના જણાવ્યા મુજબ, સુરત-દુબઇ ફ્લાઇટના ભાડા 23,400 થી 27,500 રૂપિયા સુધી પહોંચી ગયા છે, જે યુદ્ધ પહેલા કરતા નોંધપાત્ર રીતે વધારે છે. વધેલા ભાડા કારણે ખાસ કરીને મધ્યમ વર્ગ અને નાના વેપારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

સુરત - શારજાહ - સુરત ફ્લાઇટને નાણાકીય વર્ષ 2025 / 26 માં મહિને 3242 લેખે 19% પેસેન્જર લોડ સાથે કુલ 29176 પેસેન્જર મળ્યાં હતાં. એવી જ રીતે સુરત - બેંગકોક - સુરત ફ્લાઇટને નાણાકીય વર્ષ 2024/25 માં વર્ષના અંદ વચ્ચે ફ્લાઇટ શરૂ થઈ ત્યારે 13,611પેસેન્જર મળ્યાં હતાં. અને 2025/26 મહીને 5,179 પેસેન્જર લેખે 30% પેસેન્જર લોડ સાથે કુલ 46,612 પેસેન્જર મળ્યાં હતાં. એરલાઈન્સ એ આ આંકડાઓને નોન પ્રોફિટ ગણાવી 1 જુલાઈથી બંધ કરવાનો નિર્ણય લીધો હોય એમ લાગે છે.

જોકે સૂત્રો જણાવે છે કે, સુરત બેંગકોક રૂટ પર સિઝનલ પેસેન્જર મળતાં હોવાથી હવે આ ફ્લાઇટ ઓક્ટોબર 2026 માં દિવાળી વેકેશન પેહલા શરૂ થઈ શકે છે.એરલાઈનની સ્ટ્રેટેજી જે રૂટ પર સિઝનલ પેસેન્જર મળતાં હોય ત્યાં સિઝન પૂરતી જ ફ્લાઇટ રાખવાની છે. સ્થાનિક પ્રવાસન એજન્ટોના મતે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ફ્લાઇટોની મર્યાદિત ઉપલબ્ધતા કારણે ભાડામાં વધારો થયો છે. તેમ છતાં, મુસાફરોને આશા છે કે પરિસ્થિતિ સામાન્ય બનતા ટિકિટના દરોમાં ઘટાડો થશે.

આ રીતે, યુદ્ધના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓ વચ્ચે હવે સુરત-દુબઇ ફ્લાઇટ ફરી શરૂ થવાના સમાચારથી મુસાફરોને થોડી રાહત મળી છે, પરંતુ વધેલા ભાડા હજુ પણ ચિંતાનો વિષય બની રહ્યા છે.

### નાણાકીય 2025/26 માં સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટથી મળેલા પેસેન્જર

| ફ્લાઇટ | મળેલા કુલ પેસેન્જર | ટકા |
|---|---|---|
| સુરતથી દુબઇ | 79,411 | 51% |
| સુરતથી શારજાહ | 29,176 | 19% |
| સુરતથી બેંગકોક | 46,612 | 30% |

# 40,663 ઉમેદવારો 12મીએ 257 કેન્દ્રો પર TAT આપશે

**ચાર** ઝોનમાં આયોજન, કુલ 2054 બ્લોકમાં પરીક્ષા - નાનપુરા અને કતારગામ ખાતે ઝોનલ વ્યવસ્થા

સુરતઃ સુરત શહેરમાં 12 એપ્રિલ 2026ના રોજ TAT (HS) પરીક્ષા યોજવામાં આવી છે જેને સારી રીતે પાર પાડવા ચાર ઝોન ઊભા કરવામાં આવ્યા છે.

ઝોન મુજબ બ્લોકની સંખ્યા પર નજર કરીએ તો ઝોન-1માં 499, ઝોન-2માં 504, ઝોન-3માં 488 અને ઝોન-4માં સૌથી વધુ 563 બ્લોક ફાળવવામાં આવ્યા છે. આ પ્રમાણે શહેરમાં કુલ 2054 બ્લોકમાં પરીક્ષા લેવામાં આવશે, જે પરીક્ષાના વ્યાપક આયોજનને દર્શાવે છે. પરીક્ષાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. સુરતમાં કુલ 40,663 ઉમેદવારો પરીક્ષા આપવા જઈ રહ્યા છે. તેમાં ગુજરાતી માધ્યમના 39,558, અંગ્રેજી માધ્યમના 954 અને હિન્દી માધ્યમના 151 ઉમેદવારોનો સમાવેશ થાય છે. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ હોવાથી પરીક્ષા આયોજનમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

પ્રશાસન દ્વારા પરીક્ષા દરમિયાન શાંતિપૂર્ણ અને પારદર્શક વાતાવરણ જળવાઈ રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. સાથે જ ટ્રાફિક, સુરક્ષા અને માર્ગદર્શન માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે જેથી પરીક્ષાર્થીઓ સમયસર કેન્દ્ર પર પહોંચી શકે.

### ઝોન મુજબ વ્યવસ્થા

ઝોન-1નું પરીક્ષા સ્થળ T&TV, નાનપુરા
ઝોન-2 ગુરુકુળ પરીક્ષાનું સ્થળ કાંસાનગર
ઝોન-3 ગુરુકુળ પરીક્ષાનું સ્થળ કાંસાનગર
ઝોન-4 પરીક્ષાનું સ્થળ T&TV, નાનપુરા

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદમાં બ્લોક

# 13મી એપ્રિલે ગુજરાત ક્વિન વડોદરા સુધી જ દોડાવાશે

**શતાબ્દી** મુંબઇથી સવા કલાક મોડી ઉપડશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના હેતુસર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર-અમદાવાદ ખંડ પર મહત્વપૂર્ણ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત તા. 13 એપ્રિલ 2026ના રોજ સવારે 10:15 થી બપોરે 13:45 સુધી (3 કલાક 30 મિનિટ) ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. જેના કારણે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પડશે. ટ્રેન નં. 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન વડોદરા-અમદાવાદ વચ્ચે 13 એપ્રિલે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નં. 12009 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી 1 કલાક 15 મિનિટ મોડી પ્રસ્થાન કરશે.

### આ ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી

» મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સ્ટેશન પર સમાપ્ત કરવામાં આવશે. વટવા-ગાંધીનગર કેપિટલ વચ્ચે સેવા રદ રહેશે. » ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ વટવાથી શરૂ થશે અને ગાંધીનગર કેપિટલ-વટવા વચ્ચે રદ રહેશે.

### આ ટ્રાન ટ્રેન રદ કરવામાં આવી

| તારીખ | ટ્રેન |
|---|---|
| 12 એપ્રિલ | વડોદરા-જામનગર ઇન્ટરસિટી |
| 13 એપ્રિલ | વટવા-વડોદરા મેમુ |
| 13 એપ્રિલ | વડોદરા-વટવા મેમુ |
| 13 એપ્રિલ | જામનગર-વડોદરા ઇન્ટરસિટી |

### લાંબા અંતરની આ ટ્રેનો મોડી દોડશે

» આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ વડોદરા મંડળમાં 2 કલાક 10 મિનિટ વિલંબિત રહેશે. » હાવડા-અમદાવાદ એક્સપ્રેસ પર 2 કલાક 10 મિનિટ માટે વિલંબિત રહેશે. » શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-જામનગર એક્સપ્રેસ 1 કલાક 45 મિનિટ માટે વિલંબિત રહેશે.

# બળાત્કાર કેસમાં આરોપીને આજીવન કદે

**દોઢ** વર્ષથી સંપર્કમાં આરોપીએ ગાર્ડનમાં પણ બળાત્કાર ગુજાર્યો હતો

સુરતઃ ૧૫ વર્ષીય કિશોરીને લગ્નનો વાયદો કરી ગાર્ડનમાં બળાત્કાર ગુજારી ફરિયાદીનાં વાલીપણાંમાંથી ભગાડી બિહાર લઈ જઈ અવારનવાર બળાત્કાર ગુજારનાર આરોપીને પોકસો કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. પુણા પોલીસ સ્ટેશને નોંધાયેલી આ કેસની હકીકત મુજબ બિહાર ચંપારણનો આરોપી જબીઉલ્લાહ આલમ અફાકહુશેન આલમ ફરિયાદીની દિકરી સાથે દોઢ વર્ષથી સંપર્કમાં હતો અને ફરિયાદીના ઘરની પાસેનાં સુરત મહાનગરપાલિકાના ગાર્ડન પાસે અવારનવાર મળતો અને લગ્ન કરવાની વાતો કરી ગાર્ડનમાં સાંજના સમયે જબરજસ્તી શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ આરોપીએ વતનમાં જઈને લગ્ન કરવાનું જણાવી ભોગ બનનારને તા.૨૧-૫-૨૦૨૫નાં રોજ ભગાડી અપહરણ કરી સુરતથી ટ્રેન મારફતે વાપી લઈ ગયો હતો. ત્યાંથી ટ્રેન મારફતે બિહાર ખાતે મામાના ઘરે રાખી, તેણી સાથે અવારનવાર જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધી, ગુનો કર્યો હતો.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ઉમેશ પાટીલે દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં આરોપી જબીઉલ્લાહ આલમ અફાકહુશેન આલમને સ્પેશિયલ પોકસો કોર્ટે તકશીરવાર ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

# સચીનમાં હાથફેરો કરનારને ભેસ્તાન પોલીસે ઝડપી લીધો

સુરતઃભેસ્તાન પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી સચીન પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે ઉન ગામ ચાર રસ્તા પાસેથી એક રીઢા તસ્કરને ઝડપી પાડી તેની પાસેથી ચોરીનું બાઈક અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 78,000/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પકડેલા આરોપીની ઓળખ યુસુફ યાકુબ શેખ (ઉ.વ. 21, રહે. વાડી ફળિયું, લાજપોર ગામ, સચીન) તરીકે થઈ હતી. આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે ગત તા. 08/04/2026 ના રોજ વહેલી સવારે આશરે 4:00 વાગ્યાના સુમારે સચીનની પાકિઝા સોસાયટી માં એક ઘરને નિશાન બનાવ્યું હતું અને ત્યાંથી બાઈક તથા મોબાઈલની ચોરી કરી હતી.

# ઘસારાને કારણે થતી તકલીફોનું સચોટ નિવારણ એટલે ટેબ ટ્રીટમેન્ટ્સ ક્લિનિક

સુરતઃ છેલ્લા 36 વર્ષથી પુનામાં, 26 વર્ષથી નાગપુરમાં અને છેલ્લા 25 વર્ષથી સુરતમાં નાનપુરા, જલનિધી કોમ્પ્લેક્ષ ખાતે સપ્તાહના તમામ દિવસ સવારે 10થી રાત્રે 7 સુધી કાર્યરત ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક્સ હાડકા-સાંધા-મણકા-સ્નાયુઓના ઘસારાને કારણે દુઃખાવા, સોજા તથા જકડાહટથી થતી અનેકવિધ તકલીફોની સફળતાપૂર્વક સંપૂર્ણ સારવાર કરી રહ્યું છે. શ્રે.ડો.રૂસ્તમજી જીનવાલા દ્વારા સ્થાપિત પારસીની કંપની છે.

ટેબમાં સતત નવા પરિક્ષણો કરતાં રહીને, લાંબા ગાળાના સંશોધન પછી વિકસાવેલી સારવાર પધ્ધતિ દ્વારા દર્દીના સાંધા-સ્નાયુઓ-મણકાઓની સ્થિતિનું ગહન પરીક્ષણ કરીને, દર્દીની પાચનશક્તિ, રોગ પ્રતિકારક વ.નું નીરીક્ષણ કરીને, દરેક દર્દીની પ્રકૃતિ પ્રમાણે દવાઓ તૈયાર કરવામાં આવે છે, જે FDA (મહારાષ્ટ્ર) દ્વારા પ્રમાણિત છે. ટેબની દવાઓમાં કોઈપણ પ્રકારના ધાત્વિક સંયોજનો કે પ્રાણીજન્ય ઉત્પાદનો વાપરવામાં આવતાં નથી. આથી શુષ્ક શાકાહારી દર્દીઓ પણ તે વાપરી શકે છે. દર્દીના સાંધા-સ્નાયુ-લિગામેન્ટ્સ રેમેજ થયા હોય તો તેને રિપેર અને રિજનરેટ કરવામાં આવે છે. ડાયાબિટિસ, બાયપાસ સર્જરી વ. પછી ચાલવાનું, ફિઝિકલી એક્ટિવ રહેવું ખુબ જ જરૂરી છે. પણ દુઃખાવા ને કારણે બિલકુલ ચાલી શકાતું નથી આથી તકલીફો વધતી જાય છે. ટેબની સારવારથી ત્રણે દોષોનું સંતુલન થવાથી દર્દી પૂર્ણરૂપથી સ્વાસ્થ્યનો અનુભવ કરે છે અને ૨-૩ કી.મી. ચાલી શકે છે, પલાંઠી વાળી શકે છે, જમીન પર બેસી શકે છે, ઉભડક બેસી શકે છે અને દાદર ચડી-ઊતરી શકે છે. દર્દી પોતાનું કામ પોતે જાતે સ્વતંત્રપણે કરી શકે.

# સરથાણામાં લોનના હપ્તા નહીં ભરી શકતા વૃદ્ધનો ઝેર પી આપઘાત

સુરતઃ સરથાણામાં લોનના હપ્તા નહીં ભરી શકતા વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના વતની રામજીભાઈ ભગવાનભાઈ પવાસીયા (૬૯ વર્ષ) હાલ સરથાણા જ્રજભૂમિ ટાઉનશીપ ખાતે આવેલા મધુવન એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતા હતા અને લુમ્સ ખાતામાં નોકરી કરતા હતા. રામજીભાઈ હાલમાં ત્રણેક મહિનાથી કોઈ કામધંધો કરતા ન હતા. ગત ૪ એપ્રિલના રાત્રે રામજીભાઈએ ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન કાલે રાત્રે તેમનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં, રામજીભાઈએ લોન લીધી હતી. જેના હપ્તા સમયસર નહીં ભરાતા ટેન્શનમાં આવી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

# GTUના વિદ્યાર્થીઓએ સમાજસેવા પણ કરવી પડશે !

**સોશિયલ** ઇન્ટર્નશિપ ફરજિયાત, NEP 2020ના અમલમાં ઐતિહાસિક પગલું

સુરતઃ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) એ રાજ્યની તમામ એન્જિનિયરિંગ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને અસરકારક પરિપત્ર જાહેર કર્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના અમલીકરણને વેગ આપતા યુનિવર્સિટીની ૧૬મી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા ઠરાવ મુજબ હવે તમામ બ્રાન્ચના વિદ્યાર્થીઓ માટે 'સોશિયલ ઇન્ટર્નશિપ' ફરજિયાત બનાવવામાં આવી છે.

આ નવી વ્યવસ્થા અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૪ પૂર્ણ કર્યા બાદ અને સેમેસ્ટર-૫ શરૂ થાય તે પહેલાંના વેકેશન દરમિયાન આ ઇન્ટર્નશિપ પૂર્ણ કરવાની રહેશે. આ ઇન્ટર્નશિપ કુલ ૨ ક્રેડિટની હશે અને વિદ્યાર્થીના અંતિમ પરિણામમાં તેના ગુણોની ગણતરી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે પુસ્કિયા જ્ઞાન સાથે સાથે પ્રેક્ટીકલ જ્ઞાન આપવા માટે આ નિર્ણય લેવાયો છે.

### શું કરવું પડશે વિદ્યાર્થીઓને?

વિદ્યાર્થીઓએ NGO, સરકારી કચેરીઓ, સેવાકીય સંસ્થાઓ કે સમાજલક્ષી પ્રોજેક્ટ્સમાં જોડાઈને સમાજની વાસ્તવિક સમસ્યાઓને સમજવી અને તેના ઉકેલ માટે કામ કરવું પડશે. કાર્ય પૂર્ણ થયા બાદ વિગતવાર રિપોર્ટ અને સર્ટિફિકેટ કોલેજમાં જમા કરાવવાના રહેશે. GTUએ આ માટે ખાસ ફોર્મેટ અને મૂલ્યાંકન વ્યવસ્થા તૈયાર કરી છે.

# ગુજકેટ : કેમેસ્ટ્રીની આન્સર કીમાં સુધારો

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ગુજકેટની પરીક્ષાના ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, અને જીવ વિજ્ઞાન વિષયના પ્રશ્નો પત્રોની આન્સર કીમાં ગણિત, ભૌતિક વિજ્ઞાન, અને જીવ વિજ્ઞાન વિષયની આન્સર કી કોઈપણ ફેરફાર થતો નથી. તેથી તે વિષયની પ્રોવિઝનલ આન્સર કી, ફાઈનલ આન્સર કી તરીકે રહેશે જ્યારે રસાયણ વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર સેટ નંબર એક થી 20માં એક જ પ્રશ્નના જવાબમાં સુધારો થતા પ્રોવિઝનલ આન્સર કી માં થયેલા ફેરફાર સાથે માત્ર રસાયણ વિજ્ઞાનની ફાઈનલ આન્સર કી આ સાથે જાહેર કરવામાં આવી છે.


બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI

**ઝોનલ ઓફિસ, સુરત ઝોન :**
**બૅંક ઓફ ઇન્ડીયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાતી લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(નો) કે જે સિક્યોરીટી ક્રેડિટનો ગીરવેવાર્ત્ય કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બૅંક ઓફ ઈન્ડિયા, સિક્યોરીટી ક્રેડિટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બૅંક ઓફ ઈન્ડિયા, સિક્યોરીટી ક્રેડિટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈમેમ્પ્રોની રકમ નીચે મુજબ દર્શાવે છે. નીચે સૂચી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

**ઈ-હરાજીની તા.૦૮.૦૫.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થયા પછેલા ૧૦ મિનીટના વધારા સાથે)**

| અ. નં. | શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ | વેચાણ માટેની મિલકતનું વર્ણન / ઇમારતો પ્રકાર સાંકેતિક / પ્રત્યક્ષ સ્થાનાત્મક | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બી) લાગી લાગે ડીમાંડ નોટીસ ની તારીખ | ન્યુનતમ અનામત કિંમત / ઈમેમ્પ્રો | શાખા કોડ નો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ઓમ્ગે માર્કેટ<br>મેહુલ કુમાર કેશુભાઈ વિરાણી<br>સુજનીકુમાર ગંડુભાઈ સાંગાણી | **સ્થાવી મિલકત :** કબ્જે ૨, પ૦૨, બિલ્ડીંગ નં. સી૦૨૬, પમો માળ, ઓમ રેસીડેન્સી, રજવાડી પાર્ટી પ્લોટ ની સામે, ન્યુ કોસાડ રોડ, તા. સુરત – કોસાડ– ૩૯૪૧૦૩ એરીયા ૪૨.૧૯ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૦૪-૦૯-૨૦૧૯<br>બી) ૩૦.૧૦.૨.૪૪-૦૭<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૯,૮૮,૦૦૦/-<br>રૂા.૮૮,૦૦૦/- | ૦૦૩૪૮૪૬૦૦૪ |
| ૨ | નવસારી<br>સુશીલકુમાર પાંડે જિજ બિહારી પાંડે<br>રીશુ કુમારી | **સ્થાવી મિલકત :** સર્વણાંકનું રો હાઉસ કે જે પ્લોટ નં. ૨૩૪ ૨૮+ ૨૯ ખંડાલો નં. ૭, ગાયત્રી મંદિર નજીક, બંદર રોડ જી.નવસારી, પીન– ૩૯૬૪૨૫ એરીયા ૧૦૪.૦૮ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૦૧-૦૮-૨૦૨૩<br>બી) ૩૦. ૧૮,૦૮.૩૪૨-૧૫<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૨૬,૦૦,૦૦૦/-<br>રૂા.૨૬,૦૦૦/- | ૦૬૦૫૭૫૮૬૬૫ |
| ૩ | નવસારી<br>જયોતિસેન ગોપાલભાઈ પ્રજાપતી<br>ગોપાલભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતી | **સ્થાવી મિલકત :** કબ્જે ૨, એ–૨૦૩, બીજો માળ પ્રમાર્કુજ પ્રજાપતિ 'એ' વિંગ, વિશ્વ દર્શન રેસીડેન્સી નજીક, સ્ટેશન–એરૂ રોડ, વિશ્વવાયોર, જી. નવસારી, પીન – ૩૯૬૪૫૦ એરીયા ૬૩૫ ચો.ફૂટ<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૨૦.૧૨.૨૦૨૪<br>બી) ૩. ૧૧,૫૦,૩૫૫-૨૩<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૧૪,૦૫,૦૦૦/-<br>રૂા. ૧,૪૦,૫૦૦/- | ૦૬૦૫૭૫૮૬૬૫ |
| ૪ | પાલોદ કેશીયાર<br>દલ્લુ સોનુ શર્મા અને અમીલા દેવી દલ્લુ શર્મા | **સ્થાવી મિલકત :** મોજે ગામ. હલધરૂ, રે.સ.નં. ૩૫૨, જૂનો બ્લોક નં. ૪૪૬, નવ બ્લોક નં. ૪૯૩/એ, 'શુભમ રેસીડેન્સી' પ્લોટ નં. ૨૦૬, વાલુ ફાર્મની સામે, બી.કે. રેસીડેન્સી ની બાજુમાં હલધરૂ– ૩૯૪૩૦૦ એરીયા ૪૦.૧૩ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૨૬.૦૯.૨૦૨૪<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૯,૫૦,૦૦૦/-<br>રૂા. ૬૫,૦૦૦/- | ૦૦૫૩૨૪૧૦૮૧ |
| ૫ | રામપુરા<br>શ્રી વાનખેડે અજય | **સ્થાવી મિલકત :** પ્લોટ નં. ૧૫૩, રાધી લક્ઝરીયા, ઓમ બેંક ડાઉન ની પાછળ, વાલ્કોડ રોડ, તા. પલસાણા, ડૂબી– ૩૯૪૩૫૦ એરીયા ૭૫.૩૧ ચો.મી<br>**સાંકેતીક કબ્જો** | અ) ૨૬.૧૦.૨૦૨૫<br>બી) ૩. ૫૫,૬૪,૦૬૧-૦૦<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૧૪,૦૦,૦૦૦/-<br>રૂા.૧,૪૦,૦૦૦/- | ૦૬૬૮૮૨૭૭૬ |

**ઈ-હરાજીની તા.૨૬.૦૫.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થયા પછેલા ૧૦ મિનીટના વધારા સાથે)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ભરુચ રોડ<br>સુનંદા સંજય પાટીલ<br>ગણેશ સંજય પાટીલ<br>કિરણ સંજય પાટીલ | **સ્થાવી મિલકત :** કબ્જે ૧, ૬૬, ગોકુલધામ વિલા, અનુરાગ રો હાઉસ નજીક, સાલવી સેલ પ્રા.લિ. સામે, નાનીયેવા ગામ રોડ, તા. પલસાણા, જી. સુરત –૩૯૪૩૦૫ એરીયા ૨૦.૧૩ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૧૬-૧૧-૨૦૨૪<br>બી) ૩. ૦.૭૫,૩૩૫-૦૦<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૯,૧૫,૦૦૦/-<br>રૂા.૯૧,૫૦૦/- | ૦૧૩૫૪૦૨૯૫૦ |
| ૭ | સુરત મેઈન<br>સમેશભાઈ કેશુભાઈ ઝોરાડ<br>મુકેશભાઈ કેશુભાઈ ઝોરાડ<br>જુગ્નોશ કાંતીભાઈ ઝરવાલીયા (જામીનદાર) | **સ્થાવી મિલકત :** પ્લોટ નં. ૨૧૨, શ્રી શુભ રેસીડેન્સી, વન્દર ગામ નજીક, વાલ – ગ્રેમા રોડ, ગ્રેમા, તા. કામરેજ, જી. સુરત, પીન –૩૯૩૩૬૨ એરીયા ૮૮.૦૧ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૦૬-૦૮-૨૦૧૮<br>બી) ૩. ૧૨,૦૬,૮૦૦-૦૦<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૧૦,૮૦,૦૦૦/-<br>રૂા.૧,૦૮,૦૦૦/- | ૦૧૮૦૬૧૯૮૬૦ |
| ૮ | સુરત મેઈન<br>મીલનકુમાર કાંતીલાલ ગજેરા<br>રવીન કાંતીલાલ ગજેરા<br>રસીકભાઈ એમ ગજેરા (જામીનદાર) | **સ્થાવી મિલકત :** પ્લોટ નં. ૩૧, શ્રી શુભ રેસીડેન્સી, વન્દર ગામ નજીક, વાલ – ગ્રેમા રોડ, ગ્રેમા, તા. કામરેજ, જી. સુરત, પીન –૩૯૩૩૬૨ એરીયા ૬૬.૮૬ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૦૫-૧૨-૨૦૧૮<br>બી) ૩. ૧૦,૫૮,૫૮૪-૦૦<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૯,૭૦,૦૦૦/-<br>રૂા.૯૭,૦૦૦/- | ૦૧૮૦૬૧૯૮૬૦ |
| ૯ | સુરત મેઈન<br>જયંતીભાઈ ઉકાભાઈ ભેસાણીયા<br>ભેસાણીયા રમીલાબેન જયંતીભાઈ | **સ્થાવી મિલકત :** પ્લોટ નં. ૬૮, સેપ્લે વિલા કો.ઓ. હાઉસીંગ સોસાયટી, ભાગ.૩ રેસીડેન્સી પાર્ટ ની બાજુમાં, રેવાડી ચોકડી –કઠોર રોડ, તા. કામરેજ, જી. સુરત, –૩૯૪૨૧૦ એરીયા ૮૫.૫૮ ચો.મી<br>**પ્રત્યક્ષ કબ્જો** | અ) ૧૮.૧૦.૨૦૨૪<br>બી) ૩. ૨૪,૫૯,૦૧૬-૧૫<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે | રૂા.૩૦,૨૫,૦૦૦/